सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૩૦ સપ્ટેમ્બર - ૨૦૧૦ અંક-૨

## વાલીઓને......

'પહેલું સુખ તે જાતે નર્યા'

આજે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગે ચિંતા ઉભી થાય તેવું બની રહ્યું છે. એક જમાનો હતો કે જ્યારે વિવિધ વિસ્તારોમાં વ્યાયામ શાળાઓ હતી. સવારના આ વ્યાયામ શાળાઓમાં જવાનો અનેક લોકોનો ક્રમ હતો. એ જમાનામાં વાહનોની પણ આટલી સુવિધા ન હતી અને તેથી કરીને ચાલીને, સાઈકલ ઉપર એમ જવાનું ફરજીયાત બનતું હતું અને એ રીતે શરીર શ્રમ અનાયાસે થઈ શકતો.

આજે અનેક સુવિધાઓ ઉભી થઈ છે તો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાને બદલે થોડા અંતરે જવા માટે પણ સ્કુટર જેવા વાહનોનો ઉપયોગ થાય છે ( અને તે પણ લાઈસન્સ ન હોય તો પણ ) લાઈસન્સ વિના વાહન ચલાવવાનું જોખમ પણ વિચારવા જેવો પ્રશ્ન છે. આજે કામ વિના રખડપટ્ટી માટે પણ વાહનોનો ઉપયોગ થતો જોઈએ છીએ. એકબાજુ આ રીતે શ્રમ, જે સાહજીક રીતે થતો હતો , તે બંધ થઈ ગયો છે. તો ખોરાકની બાબતમાં પણ ચિંતા ઉભી થાય તેવો ખોરાક લેતા થયા છે. ઘરમાં બનતી સામાન્ય પોષક વાનગીઓની જગ્યાએ બહારની સ્વાસ્થ્યને નુકશાન કરે તેવી ફાસ્ટફૂડ વાનગીઓ લેવાનું જ વલણ જોવા મળે છે.

આ સંસ્થાનો આગ્રહ છે કે વિદ્યાર્થી પોતાના માટે ઘરમાં જ બનેલો નાસ્તો રીસેસમાં લેતો થાય, આથી કરીને શાળાના પરિસરમાં તો ખાદ્યપદાર્થો વેચવાનું બંધ છે. પરંતુ શાળાની બહાર પણ નજીકના વિસ્તારમાં શાળા સમય દરમ્યાન આ વિદ્યાર્થીઓ કમ્પાઉન્ડની બહાર જઈ શકે તેમ ન હોઈ તે લેવાનું બનતું નથી, પરંતુ શાળા છૂટ્યા બાદ નજીકના વિસ્તારમાં આઈસ્ક્રીમ તેમજ ફાસ્ટફૂડ માટે વિદ્યાર્થીઓના ટોળા ઉભા હોય છે તેવું જોવા મળે છે. વાલીઓ આનાથી અજાણ હોય તેવું માની શકાય તેમ નથી લાગતું. આ રીતે રોજીંદી ખરીદી આર્થિક રીતે આવકારદાયક નથી અને કરકસરની સાહજીક જે ટેવ હોવી જોઈએ તેનાથી બાળક વંચિત રહી જાય છે. હકીકતમાં રોજીંદા વાપરવાના પૈસા એકઠા કરીને સારી રીતે તે વપરાય તે માટેનું માર્ગદર્શન વાલીઓએ વિદ્યાર્થીઓને આપવું જોઈએ. આવા સંસ્કાર એ સમાજ માટે ખૂબ ઉપકારક બને તે કહેવાની ભાગ્યે જ જરૂર છે.

આજે વિદ્યાર્થીઓમાં સ્થૂળતાનું પ્રમાણ વધી ગયું છે એવા તારણો વૈદકીય તપાસમાં જોવામાં આવ્યા છે અને આ માટે ઓછો શરીર શ્રમ અને ખોરાકની કુટેવો જવાબદાર છે. મીઠું, ચરબીયુક્તખોરાક તેમજ તેમાંના પ્રિઝર્વેટીવ નાંખ્યા હોય તેવા ખોરાક લેવાતા થયા છે તેનું આ પરિણામ છે. આ માટે વાલીએ સજાગ રહેવું જોઈએ. શારીરિક શ્રમનો અભાવ અને ભણતરના ભારથી અને ચિંતાથી આજનો વિદ્યાર્થી મુક્તિ પામે એ જ અપેક્ષા.

**દિનુભાઈ દવે**

## સ્વર્ગસ્થ પરમ આદરણીય ડૉ.બિહારીભાઈ કનૈયાલાલ

ડૉ.બિહારીભાઈનું દુઃખદ અવસાન થતાં સમાજને એક બહુશ્રુત વિદ્વાન તેમજ અનેક ક્ષેત્રોમાં રચનાત્મક પ્રદાન કરનાર નાગરિકની કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, એવી લાગણી અનુભવું છું.સાથેસાથે તેઓ આ સંસ્થા સાથે લાંબા સમયથી સંકળાયેલા હોઈ તેમના સંપર્કનો લાભ મળ્યો તેને સૌભાગ્ય માનું છું અને આજે અનેક સ્મરણો યાદ આવે છે.

અનેક ક્ષેત્રની માફક સંગીતમાં પણ તેઓની ઘણી ઉંડી રૂચિ અને સમજ હતી. શારદામંદિર બાલમંદિરમાં કામ કરતા સ્વ.શ્રી રમણભાઈ દવે પાસેથી તેમણે કેટલોક સમય સંગીત શીખવાનું રાખેલું. એક વખત મીટીંગમાં વાત થતા તેમણે જાણ્યું કે શ્રી રમણભાઈ ગંભીર રીતે બીમાર છે. એટલે તેમણે મને તેમનું સરનામું આપવા જણાવ્યું. મેં તેમને જણાવ્યું કે રમણભાઈ સાબરમતી નદીના કિનારે આવેલી એક સોસાયટીમાં રહે છે એટલે સાથે હું પણ આવીશ જેથી મકાન શોધવામાં મુશ્કેલી ન પડે. નક્કી કરેલા દિવસે તેઓ સમયસર મને લેવા આવ્યા અને અમે રમણભાઈને ત્યાં પહોંચ્યા. શ્રી રમણભાઈ પથારીમાંથી ઉભા પણ ન થઈ શકે તેવી સ્થિતિમાં હતા છતાં બિહારીભાઈને જોતાં તેમનામાં કોઈ અનેરો ઉત્સાહ જાગ્યો અને બેઠા થઈને અત્યંત પ્રેમપૂર્વક આવકાર આપ્યો. શ્રી રમણભાઈ સાથે એકાદ કલાક તેઓએ ગાળ્યો અને રમણભાઈના મોઢા ઉપર જે આનંદ હતો તે મને જોવા મળ્યો. આવી મોટી વ્યક્તિ પોતાના ગુરુને કેવી ભક્તિથી જુએ છે તે જોવાનું મને મળ્યું.

તેમની સાથે વાતચીત કરીએ ત્યારે અનેક વિષયો ઉપર તેમની જાણકારી જોઈને આપણા ઉપર બહુશ્રુત વિદ્વાનની છાપ પડયા વગર ન રહે. માત્ર સંગીત જ નહીં પરંતુ અન્ય કલાઓ તેમજ શિક્ષણની તેમની પાસે પ્રગતિશીલ સૂઝ હતી અને પોતાના દ્રવ્યનો ઉપયોગ ગુજરાતના યુવાનોને સાહજીક રીતે મળી શકે તે રીતે દાન આપીને તેમણે સમાજની ભારે સેવા કરી છે. તેઓનું ગુજરાતી ઉપરનું પ્રભુત્વ તો હતું જ પરંતુ અંગ્રેજી ઉપર પણ તેમનું એવું જ અદ્‌ભૂત પ્રભુત્વ હતું કે જે બહુ ઓછા લોકો પાસેથી આવું શુદ્ધ અંગ્રેજી આપણને સાંભળવા મળે.

તેઓ આ સંસ્થાના પ્રમુખ હતા. આ સંસ્થાની અનેક પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરતા અને માર્ગદર્શન આપતા. "શારદ" મળે કે તાત્કાલિક ટેલીફોન દ્વારા તેમનો પ્રતિભાવ મળે કે જેમાંથી આપણને પ્રોત્સાહન મળે. આવા બહુશ્રુત વિદ્વાનની સમાજને જે ખોટ પડી છે તે ન પૂરાય તેવી છે. પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

**દિનુભાઈ દવે**

## મજૂરીનો મોભો

આપણામાંનો એક એક માણસ કોઈ પણ પ્રકારની મજૂરી કરવા માંડે, તો આપણાં મગજ ચોખ્ખા થશે. આ વાત હું મારા પોતાના અનુભવ પરથી કહું છું. રોજના કલાકો સુધી મેં મજૂરીનું કામ કરેલું છે, અને એથી મારી વિચાર કરવાની શક્તિ વધી છે. હું ચોક્કસ માનું છું કે મેં મજૂરીનું કામ ન કર્યું હોત અને ખાલી વિચારો જ કર્યા હોત, તો આજે જેવા સ્પષ્ટ વિચારો હું કરી શકું છું તે ન કરી શકત.

**-વિનોબા ભાવે**

## પરીક્ષા, એમાંથી ઉદ્દ્ભવતી સમસ્યાઓ

'બેન ! આ તમે શું કર્યું છે ? જુઓ તો ખરાં... બિચારા છોકરાં તો કાલનાં હેરાન થઈ ગયા છે, બુધવારથી પરીક્ષા શરૂ થતી હતી એટલે સોમવાર મંગળવાર તો છોકરાં ક્યાંથી સ્કૂલમાં આવે ?... એમના બેને તો એ જ દિવસોમાં પૂરક પાઠ ચલાવ્યો અને એમાંથી જ પરીક્ષામાં પ્રશ્ન પૂછાયો, છોકરાં બિચારા ગભરાઈ ન જાય ! .... આવું કેવી રીતે ચાલે ? તમારા બેનને બોલાવો અને કહો કે આવું કેવી રીતે કરે !'

'ભાઈ ! એમાં આટલા અકળાવ છો શું કરવા ? પરીક્ષા હોય એટલે છેલ્લા દિવસોમાં છોકરાંઓએ સ્કૂલમાં નહીં આવવાનું એ તો ખોટી જ વાત છે ને ! એવું શાને માટે ?'

'તો બેન એ એટલું બધું વાંચે કેવી રીતે ? એક તો તમે એક જ દિવસે બે બે પેપર રાખો છો, છોકરાં મરી ન જાય ?'

'ભાઈ ! અમે ભણતાં ત્યારે બી.એ.ની યુનિવર્સીટીની પરીક્ષાના દસ પેપરો, બધાં જ ત્રણ ત્રણ કલાકનાં સળંગ પાંચ દિવસ સુધી, રોજના બે પેપર અપાતાં હતાં, અમે તો કંઈ મરી જતાં નહોતા, નિરાંતે પરીક્ષા આપી શક્યાં ને ફર્સ્ટક્લાસ પણ લાવી શક્યાં ને તમારા છોકરાં માત્ર સાતમા ધોરણની પ્રથમટેસ્ટનાં છ સાત પાઠ ચાલ્યા હોય તેની પચાસ કે સાઠ માર્કના પેપરની બે પરીક્ષા એક દિવસમાં ન આપી શકે ? શું વાત કરો છો ? તમારા છોકરાંઓ એટલા બધા નબળા છે ? સાવ આવા ઢીલા ? આગળ કેવી રીતે વધી શકશે ? અને એ માટે એમને તૈયારી કરવા બે બે દિવસ સ્કૂલનું ભણવાનું બગાડી ઘેર એ બધું ગોખવા માટે રોકાવું પડે ? મને તો સાચે જ આશ્ચર્ય થાય છે. મેં તો મારા શિક્ષકોને હંમેશ માટે કહેલું જ છે કે બાળકોની એક મિનીટ પણ વ્યર્થ ન જવી જોઈએ. એકનું એક વધુ પડતું વારંવાર પુનરાવર્તન કરીને સમય બગાડવા કરતાં નવી નવી માહિતીથી બાળકોને શા માટે વાકેફ ન કરવા ! એટલે અમારા એ બેન પણ ખૂબ ઉત્સાહી છે એમણે એ પૂરક વાંચન છેલ્લે વંચાવ્યો હશે એ તો ઉલ્ટું સારું કર્યું. એમાં કશું જ ખોટું નથી કર્યું, જે બાળકો નિયમિતપણે હાજર રહે તેમને ય નવું શીખવા જાણવા તો મળવું જ જોઈએ ને ! અને આ વખતે તો વરસાદને કારણે અચાનક બે ત્રણ આકસ્મિક રજાઓ વધી જવાને કારણે આ કોર્સ છેલ્લે સુધી પહોંચ્યો હશે'

'અરે શું બેન ! છોકરાંઓને માર્કસ કપાઈ ન જાય ! તમારે પહેલેથી કોર્સ આપી દેવો જોઈએ ને !

'માર્કસ્ માર્કસ્ માર્કસ્' કોણ જાણે આ માર્કસ્‌ની ઘેલછાએ તો માબાપને ગાંડા કરી મુક્યાં છે અને એમણે છોકરાંઓને માથે ટેન્શન ઉભા કરી દીધા છે. હમણાં જ હાઈસ્કુલમાંથી આચાર્ય કહેવા આવ્યાં, 'બેન ! પરીક્ષાને તો હજી ત્રણ દિવસની વાર છે, છતાંય લગભગ બધા જ વર્ગમાં પાંચ સાત, પાંચ સાત, છોકરાંઓ જ હાજર છે'. શું છેલ્લે દિવસે જ બધું ગોખવું જોઈએ ? એ જ્ઞાન કહેવાય ખરું ? કે માત્ર ગોખણપટ્ટી ! આવી પરીક્ષા એ શું બુધ્ધિની પારાશીશી હોઈ શકે ? આને માટે આપણે માબાપ પણ કેમ આપણા સંતાનોને સાચું માર્ગદર્શન નથી આપી શકતાં ?

અરે ! કાલે જ એક ડોકટર વાલી ધોરણ છમાં ભણતા એમના સંતાન માટે રીસેસમાં ગરમ ગરમ ટીફીન લઈને આવ્યા, 'બેન ! એને પરીક્ષા છે ને ! એટલે સવારે જમ્યા વગર આવ્યો છે, એને જમાડીને જાઉં...' મારી ધીરજ ખૂટી ગઈ. 'તમે આ બધું શું કરો છો ? શું આ યુનિવર્સીટીની પરીક્ષા છે ? રોજ શું જમ્યા વિના આવે છે ? પરીક્ષા છે તો શું થઈ ગયું ? જે પરિસ્થિતિનો સામનો વીસ વર્ષ સુધી કરવાનો છે તેને માટે આટલો ગભરાટ રાખશો તો એ વીસ વર્ષ કેવી રીતે વીતશે ?' આજે પરીક્ષાની બીકથી છોકરાંઓ આપઘાત કરે છે ને સાઈકોસોમેટીક રોગોથી પીડાય છે. તેના મૂળ તો આપણે આવી રીતે જ નાંખીએ છીએ, તે ય પાછું આપણે ભણેલા ગણેલાં ને શિક્ષીત કહેવાતા માબાપ હોવા છતાં.. પેલા નંદિષને સવારે સાત ઝાડા થયાં હતાં છતાં ય પરીક્ષા આપવા તો મોકલ્યો જ, 'બેન એ માન્યો નહીં', અરે ! ત્રીજા કે ચોથા ધોરણમાં ભણતો છોકરો એવો તે કેવો પંડિત કે ખરાબ તબીયતે ય પરીક્ષા આપવા આવવાની જીદ કરે ને મા કહે કે 'મારું માન્યું નહીં'.... આ હકીકત સાચી માની શકાય ખરી ! છોકરાંઓને માથે આપણે કેટકેટલો માનસિક ત્રાસ ગુજારીએ છીએ !

હમણાં જ રીસેસ પડી ને ઝાંપા પાસે મમ્મીઓનો ધસારો શરુ થયો, પૂછયું 'કેમ' ? 'અમે એને કહ્યું હતું ઝાંપે આવીને કહી જજે પેપર કેવું ગયું છે' પાંચમા અને છઠ્ઠા ધોરણમાં ભણતાં છોકરાંઓનાં માબાપોની આ ઘેલછા જોઉં છું ને મને થાય છે 'આ પરીક્ષા જ ન હોય તો !'

ત્રીજાની પરીક્ષા પતી અને વાલીઓનો ધસારો શરૂ થયો બહાના બતાવી ઘેર લઈ જવા માટે.... ક્યારેક તો ખોટું બોલીને ય ઘેર લઈ જતાં માબાપ અચકાતાં નથી... ભવિષ્યમાં આ જ બાળક જૂઠું નહીં બોલે ! જીવનના મૂલ્યોનું શું થશે ! નવી પેઢીના ઘડતરનું ય શું ?

પેલો સમ્યક વારંવાર સ્કૂલમાં મોડો આવે, પ્રાર્થનામાં તો ક્યારે ય હાજર ન જ હોય પણ તે માટે મળવા મમ્મીને બોલાવીએ તો ન જ આવે, કારણ આપે, 'માંદી છું, સમય નથી, પછી આવીશ...' પણ પરીક્ષા વખતે રીસેસમાં લીંબુનુ શરબત અને બિસ્કીટ લઈને આવ્યાં ને મને આશ્ચર્ય થયું, આજે નહોતાં બોલાવ્યાં ત્હોંય તમે આવ્યાં ?' 'હા બેન ! સમ્યક માટે નાસ્તો નહોતો એટલે આ બિસ્કીટ આજે બજારમાંથી લઈને આવી, ' મારાથી પૂછાઈ ગયું... કેમ, કાલે બજારમાંથી બિસ્કીટ મંગાવી લઈ દફતરમાં સાથે ન આપી શકત ? આમ તો જરૂર હોય ને બોલાવું છું તો ક્યારેય નથી આવતાં,' 'પણ બેન ! આ તો પરીક્ષા છે ને એટલે !..' ને મને થયું... આ પરીક્ષા છોકરાંઓને ટેન્શન કરાવે છે કે માબાપોને ?

આજે જાણે આખું ય ભણતર માત્ર પરીક્ષાલક્ષી જ, માર્કસલક્ષી જ બની ગયું છે, કોઈને ય જ્ઞાન મેળવવામાં રસ છે ખરો ! ફક્ત બે કલાકનું જ પેપર હોય તો રોજનું એક જ પેપર રાખી કેટલાં દિવસ છોકરાંઓનું ભણતર બગડે, એનો આપણે ક્યારે ય વિચાર કરીએ છીએ ખરાં ! વર્ગમાં ધ્યાનથી શીખ્યાં હોઈએ તો બધું જ છેલ્લે દિવસે ગોખવાની કે વાંચવાની જરૂર હોતી જ નથી એ આજનાં આ માબાપોને મારે કેવી રીતે સમજાવવું ? ટી.વી. પર માત્ર એક જ વાર જોયેલી એડ. કે સીરીયલ બાળકને રજેરજ યાદ નથી રહી જતી ? તો ભણવાનું જો રસપૂર્વક ભણે તો આમ પરીક્ષા વખતે ગોખવું જ શાનું પડે ? પણ એ ભણવામાં રસ લેતાં અને રસ પાડતાં આપણે માબાપે અને શિક્ષકોએ કરવા જોઈએ ને ! એને બદલે આપણે તો 'પરીક્ષાનો હાઉ' અને 'ભણતરનો ભાર' એ બેમાંથી આપણા સંતાનોને બહાર જ નીકળવા નથી દેતાં ને ! આ બધાં માટે સૌથી વધુ જવાબદાર તો આપણે માબાપો છીએ.. આપણે ક્યારે એ સ્વીકારીશું ? ક્યારે એ સમજીશું ? છોકરાંઓને ભણતર તરફની રૂચિ કેળવતાં અને પરીક્ષા માટે પ્રેરણા લેતાં ક્યારે કરીશું !!!!

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનુંગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી **પ્રકાશ ભગવતી** ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના ઉપપ્રમુખ બન્યા છે. આ બદલ સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે. ભાઈશ્રી પ્રકાશ હિરાલાલ ભગવતીને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

## શારદામંદિરનો ૮૭ મો સ્થાપનાદિન

તા.૧૬મી ઓગસ્ટે શારદામંદિરનો ૮૭ મો સ્થાપનાદિન ઉજવાઈ ગયો.

આ નિમિત્તે બાલમંદિરમાં વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ વિધિવત્ રીતે બાલપૂજન યોજવામાં આવ્યું. બરાબર નવ વાગે શ્રી ગણેશ સ્તુતિ અને મા સરસ્વતીદેવીની પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. બહેન આનલ અને તેની સાથેની બહેનોનાં મધુર કંઠે ભાવસભર સંગીત સાથે કાર્યક્રમ શરૂ થયો.

સંસ્થાના નિયામક મુ. **શ્રી દિનુભાઈ**એ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પધારેલ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની **બહેન દેવકી** જે અત્યારે રેડિયોમાં નોંધપાત્ર કામગીરી બજાવી રહી છે તેનું તથા વાલીઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ બેન દેવકીએ સરસ્વતીપૂજન કરી દીપ પ્રગટાવ્યો અને બાલરથીને લઈને પાંચ રથ 'આવે પેલો બાલરથી'ના સુમધુર તાલબધ્ધ સંગીત સાથે આવી પહોંચ્યા. બેન દેવકીએ તેમને કુંકુમ તિલક કરી અક્ષત લગાવી મોં મીઠું કરાવી પૂજન કર્યું. બેન દેવકીએ એમને આશીર્વચન આપતાં તેના વકતવ્યમાં તેનાં બાળપણના સ્મરણો રજૂ કર્યા. 'હું બાલમંદિરમાં હતી ત્યારથી જ ખૂબ બોલતી.. આ શારદામંદિરે જ મારું સાચું ઘડતર કર્યું છે. મારામાં જે આત્મવિશ્વાસ છે, વકતૃત્વની કલા મારામાં વિકસી છે એ બધાનાં મૂળ અહીં રોપાયાં હતાં. મારા ઘડતરમાં શારદામંદિરનો ફાળો નાનોસૂનો નથી, આજે હું જે સિધ્ધિ પ્રાપ્ત કરી શકી છું તે માટે હું શારદામંદિરને કયારેય ભૂલી ન શકું..'

ત્યારબાદ'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી' રંગબેરંગી ચણિયાચોળી હલકમય નૃત્યથી આ રજૂઆત અને વાતાવરણ પણ એવું જ ખુશનુમા, આખું ય પ્રાંગણ પ્રસન્નતાથી ભર્યું ભર્યું બની ગયું. ત્યારબાદ આવ્યો ગરબો, 'એવો આવે છે શારદાનો સાદ રે' ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી મળે છે. સાચે જ અદ્‌ભૂત, અને છેલ્લે બાળકોની મનગમતી બાલકૂચ, હાથમાં ધજા અને રંગબેરંગી ફૂગ્ગા લઈને 'ચલો ચલો ચલો...શારદમાના બાળ, શારદમાના બાળ..' બાળકોનો એ ઉત્સાહ અદ્‌ભૂત હોય છે અને તેમાંય જ્યારે એકસામટાં ફુગ્ગા હવામાં છોડવામાં આવે છે ને આકાશ રંગબેરંગી ફુગ્ગાથી છવાઈ જાય છે ત્યારે બાળકોના આનંદને કોઈ સીમા રહેતી નથી. આખોય કાર્યક્રમ ખૂબ સરસ રીતે પાર પડયો.

શિશુમંદિર, મોડર્ન સ્કુલ અને વિનયમંદિરમાં સ્થાપનાદિન નિમિત્તે વર્ગસુશોભન સ્પર્ધા યોજવામાં આવી. સૌએ જુદા જુદા વિષયો નક્કી કર્યા હતાં અને એ પ્રમાણે આખું વાતાવરણ ઉભું કર્યું હતું. વિદ્યાર્થીઓની મહેનત, તેમની પાછળ શિક્ષકોનો પણ સાથ અને સહકાર અને વાલીઓનો પણ સહકાર બધાનો સુમેળ અહીં જોવા મળતો હતો.

**નિર્ણાયક તરીકે શ્રી કેતકીબેન, મોડર્ન સ્કુલના શ્રી વૈશાલીબેન, વિનયમંદિરના શ્રી સુનીતાબેને સેવા આપી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું.**

### વર્ગ સુશોભન સ્પર્ધાનું પરિણામ

**શિશુમંદિરમાં પ્રથમ- ૫ બ ગુજરાત દર્શન, દ્વિતીય - ૭ બ મેળો,**
**તૃતીય- ૬ અ ગ્રામ્ય જીવન-શહેરી જીવન.**
**મોડર્ન સ્કુલમાં પ્રથમ- ૧૦ ઈ ત્રિલોક, દ્વિતીય - ૬ ઈ સ્પેસ, ૮ ઈ હેવન,**
**તૃતીય - ૩ ઈ જંગલ, ૫ ઈ ફેસ્ટીવલ્સ.**
**વિનયમંદિરમાં પ્રથમ - ૯ ક ભૂકંપ, દ્વિતીય - ૮ બ જન્માષ્ટમી,**
**તૃતીય - ૯ અ કાશ્મીર.**

## બાલમંદિરમાં કૃષ્ણ જન્મ મહોત્સવ

"મેં નહીં માખન ખાયો, મૈયા મોરી મેં નહીં માખન ખાયો.."

બહેન આનલનો ભાવસભર સુમધુર કંઠ, આખુંય વાતાવરણ કૃષ્ણની બાળલીલાના ભક્તિભાવથી ભર્યુંભર્યું બની ગયું હતું અને તેમાં આ ભજનમાં યશોદામૈયા બનેલી બેન વેલી અને કૃષ્ણ બનેલી ક્રીશાની અભિવ્યક્તિ સાચે જ અદ્‌ભૂત હતી. આટલા નાના બાળકો પણ આખા ભજનનો મર્મ બરાબર સમજીને નૃત્યના આવા સરસ માધ્યમ વડે કેવી સુંદર અભિવ્યક્તિ કરી શકે છે ! આજની ઉગતી પેઢીમાં કેટલું હીર પડયું છે! એમાં ય છેલ્લે યશોદા અને કૃષ્ણ જ્યારે ભેટયાં ત્યારે તો એ આંખોમાંથી નિતરતો નિર્દોષ પ્રેમ અને હૃદયના ભાવો જે વ્યક્ત થતા હતા, સૌ કોઈનાં હૃદયને એ સ્પર્શી ગયાં... અને સૌ કોઈએ આ બંને બાલકલાકારોને તાલીઓના ગડગડાટથી વધાવી લીધાં... આખી ય રજૂઆત એક યાદગાર સંભારણું બની ગયું. તા.૩૧મી ઓગસ્ટે બાલમંદિરના નાનકડા બાળકોએ 'કૃષ્ણજન્મ મહોત્સવ' ઉજવ્યો. કંસરાજાથી માંડી, કૃષ્ણ જન્મ, તેની બાળલીલા, માખણચોર કૃષ્ણ, જળકમળ છાંડી જાને બાળા, ગોકુળમાં આજ દિવાળી, 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી' કૃષ્ણની બાળલીલાના કેટકેટલાં પ્રસંગો આટલા નાના બાળકોએ ભાવસભર બનીને સુંદર રીતે ભજવ્યા ! બાળકોની એ કાલી કાલી ભાષામાં બોલાતા સંવાદો ય કયારેક ખૂબ મીઠાં લાગે છે અને એમાંય પાત્રને અનુરૂપ વેશભૂષામાં તો એ લોકો ખૂબ સરસ રીતે ખીલે છે.

બાળકોને તૈયાર કરવા પાછળ શિક્ષકોની મહેનત અને વાલીઓનો સહકાર દાદ માંગી લે તેવો છે. નિર્મળાબેન બાળારાજા કૃષ્ણને માથે લઈને ઉમંગભેર નાચતા એટલા ભક્તિમય થઈ જાય કે ઉંમરનો બાધ કયાંય જાણે તેમને નડતો નથી, એ પણ ઈશ્વરની જ દેન છે. અને એ બાળકૃષ્ણમાં તો જાણે સાક્ષાત કૃષ્ણનાં જ દર્શન થતાં હતાં. જન્માષ્ટમી ભવ્ય રીતે ઉજવાઈ. બાળકોને આપણી સંસ્કૃતિ અને તહેવારોનો વારસો અને સમજ બાળપણથી જ મળે તેને ધ્યાનમાં રાખીને જ આવા ઉત્સવો શારદામંદિરમાં મોટા પાયે ઉજવાય છે.

શિશુમંદિર અને મોડર્ન સ્કુલના વિદ્યાર્થીઓએ પણ કૃષ્ણજીવનના પ્રસંગો નૃત્ય અને નાટયમય રીતે રજૂ કરીને કૃષ્ણજન્મની ઉજવણી કરી. બંને વિભાગના કાર્યક્રમો ખૂબ સારા રહ્યા. વિદ્યાર્થીઓએ તે ખૂબ માણ્યા.

## એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી યોજાયેલ સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ

**એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતી સ્કોલરશીપનાં વિતરણનો કાર્યક્રમ તા.૨૦-૮-૧૦ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે એકલવ્ય તરફથી મિડલ સ્કુલના શ્રી રૂપેશભાઈ ગજ્જર તથા જૂનીયર સ્કુલના શ્રી જશવંતીબેન લાટકર હાજર રહ્યાં હતાં. કૉ.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેને સૌનું સ્વાગત કર્યું. પ્રાર્થના બાદ શ્રી રૂપેશભાઈએ એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી. મુ.શ્રી દિનુભાઈએ સ્કોલરશીપ મેળવતાં વિદ્યાર્થીઓને આશીર્વચન આપીને બિરદાવ્યા અને ત્યારબાદ ધો.૮ના બેન ક્રિશ્રા શાહ, ધો.૯ના કૃતિ શાહ, ધો.૧૦ના નિધિ કાપડિયા, ધો.૧૧ સામાન્ય પ્રવાહના પલક મહેતા અને વિજ્ઞાન પ્રવાહના ઈશીતા શાહને રૂ.૫૦૦નો ચેક તથા પુસ્તકો આપી અભિવાદન કર્યું અને તેમના વાલીઓને ચાંદીની મુદ્રા તથા શ્રીફળ આપીને બહુમાન કર્યું. છેલ્લે શ્રી વિજયભાઈએ સૌનો આભાર માન્યો અને કાર્યક્રમ સરસ રીતે પરિપૂર્ણ થયો.**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલમંદિરના વિશાળ પ્રાંગણમાં મુક્તમને વિહરતા બાલવાડીના બાળકો સંગીત સાથે શાળામાં અપાતી વિવિધ પ્રવૃત્તિઓમાં સુંદર રીતે ભાગ લેતા થઈ ગયા છે.રક્ષાબંધન નિમિત્તે બાળકોને તિલક કરી, ચોખા લગાવી,રાખડી બાંધી પેંડા ખાઈ ગળ્યું મોં કરાવ્યું.ગણેશચતુર્થી નિમિત્તે ગણપતિદાદાના ગીતો ગાઈ, ધૂન બોલાવી. તા.૧૭-૯-૧૦ના રોજ 'વાંદરો અને મગર'ની વાર્તા (બહેનો દ્વારા) પપેટ દ્વારા રજૂ કરી.

## બાલમંદિર

તા.૩૦-૭-૧૦ને શનીવારે બાલમંદિર અને તાલીમના બાળકોએ જલારામ મંદિરની મુલાકાત લીધી. રાધે-કૃષ્ણ, શ્રીજીબાબાના શણગાર તથા પારણામાં ઝૂલતાં બાલગોપાલના દર્શન કરી બાળકોએ આનંદભેર ધૂન ગાઈને દર્શન કર્યા.

તા.૧૫મી ઓગસ્ટે રાષ્ટ્રધ્વજને બતાવી તેમાં આવતા ત્રણેય રંગોની સમજ બાળકોને આપી.પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ ભગવાનનો મહીમા સમજાવી શિવપૂજા કરાવવામાં આવી. તા.૨૩-૮-૧૦ને સોમવારે બાળકોને બલિરાજા અને લક્ષ્મીજીનું દ્રષ્ટાંત આપી રક્ષાબંધનની વાત સમજાવી. તિલક કરી રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું. તા.૩૧-૮-૧૦ મંગળવારના રોજ કૃષ્ણજન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો. તા.૭-૯-૧૦ને મંગળવારે મહાવીર જન્મ વાંચનના દિવસે સ્તવન ગવડાવ્યા. તા.૧૬-૯-૧૦ને ગુરુવારે ગણપતિદાદાનું વાજતે ગાજતે સ્થાપન કરીને ૨૦-૯-૧૦ને સોમવારે વિસર્જન કરવામાં આવ્યું. પ્રથમ પૂજાતા વિઘ્નહર્તા દેવ ગણેશજીની માહિતી બાળકોને આપી. તેમની ભાવભરી રીતે પૂજા કરવામાં આવી.

## શિશુમંદિર

| | | | |
|---|---|---|---|
| **આંતરગૃહ સ્પર્ધાઓ : મહેંદી સ્પર્ધા :** | | | તા.૨૬-૭-૧૦ |
| | પ્રથમ | સ્તુતિ શાહ | (ગંગોત્રી) |
| | દ્વિતીય | શ્રુતિ શાહ | (રત્નદીપ) |
| | તૃતીય | નેહા ત્રિવેદી | (ધવલગિરિ) |
| | | ઈશિતા અંટાલા | (ધવલગિરિ) |
| **રાખડી સ્પર્ધા :** | | તા.૨૦-૮-૧૦ | |
| | પ્રથમ | ખુશી રાવલ | (રત્નદીપ) |
| | દ્વિતીય | દેવ શાહ | (ધવલગિરિ) |
| | | કશિશ શાહ | (મેઘનાદ) |
| | તૃતીય | અર્ણવ દેસાઈ | (રત્નદીપ) |
| **પારણા સ્પર્ધા :** | | તા.૧-૯-૧૦ | |
| | પ્રથમ | ખુશાલી શાહ | (મેઘનાદ) |
| | દ્વિતીય | હેત્વી ત્રિવેદી | (મેઘનાદ) |
| | | આશના અગ્રવાલ | (ધવલગિરિ) |
| | તૃતીય | અદિત પંચોલી | (રત્નદીપ) |
| | | ધનશ્રી શાહ | (ગંગોત્રી) |
| **પંચાજીરી સ્પર્ધા :** | | તા.૧-૯-૧૦ | |
| **ડેકોરેશન** | પ્રથમ | કરીના શાહ | (મેઘનાદ) |
| | દ્વિતીય | કશિશ શાહ | (મેઘનાદ) |
| | તૃતીય | શિવાંગી પટેલ | (ગંગોત્રી) |
| **સ્વાદ** | પ્રથમ | શિવાંગી પટેલ | (ગંગોત્રી) |
| | દ્વિતીય | કશિશ શાહ | (મેઘનાદ) |
| | તૃતીય | ઈશિતા અંટાલા | (ધવલગિરિ) |

તા.૨૬-૭-૧૦ને સોમવારે ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓએ 'ગુરુનો મહિમા' વિષય પર પોતાના વકતવ્ય રજૂ કર્યા અને 'ગુરુવંદના' નો કાર્યક્રમ સુંદર રીતે રજૂ કર્યો. તા.૧૩-૮-૧૦ના રોજ 'આઝાદીના ગીતો'નો કાર્યક્રમ યોજાયો. તા.૨૦-૮-૧૦ના રોજ ધો.૩ અને ધો.૪ માટે રાખડી સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ સુંદર રાખડી બનાવી.

## SHARDAMANDIR MODERN SCHOOL

| | | | |
|---|---|---|---|
| **આંતરગૃહ સ્પર્ધાઓ : મહેંદી સ્પર્ધા :** | | | તા.૨૪-૭-૧૦ |
| | પ્રથમ | ભાષા શાહ | પલાશ |
| | દ્વિતીય | શિવાની શાહ | પારિજાત |
| | | કુંજલ બ્રહ્મભટ્ટ | પારિજાત |
| | તૃતીય | ફલક પંડિત | પલાશ |
| | | દિપાંશી દોશી | અમલતાસ |
| **વકતૃત્વ સ્પર્ધા :** | | તા.૧૧-૮-૧૦ | |
| | પ્રથમ | અંજસી શાહ | પલાશ |
| | દ્વિતીય | તુલસી મહેતા | પારિજાત |
| | તૃતીય | રોનિલ શાહ | પલાશ |

**નિર્ણાયક તરીકે બહેન રાની દવેએ સેવા આપી.**

તા.૨૬-૭-૧૦ના રોજ 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ 'એકલવ્ય' નાટિકા અને શ્લોકો રજૂ કર્યા. ૫,૬,૭ના વિદ્યાર્થીઓએ વકતવ્ય અને ગીતો રજૂ કર્યા અને ૮,૯,૧૦ના વિદ્યાર્થીઓએ વકતવ્ય તથા નાટક રજૂ કર્યા. વિદ્યાર્થી નેતાઓએ શિક્ષકોનું બહુમાન કર્યું. તા.૨૭-૮-૧૦ના રોજ ધો.૩ અને ૪ માટે રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ.

## વિનયમંદિર

તા.૨૯-૬-૧૦ના રોજ વર્ગસફાઈ અને શાળાના પ્રાંગણની સફાઈનો કાર્યક્રમ યોજાયો. વર્ગ સ્પર્ધામાં પ્રથમ ૮ અ , ૯ ક અને દ્વિતીય ૯ અ , ૯ બ , ૮ બ પ્રાંગણ સફાઈમાં પ્રથમ ગીતગોવિંદ, દ્વિતીય ચંદ્રમૌલિ, પદ્મપુકુર અને તૃતીય મેઘદૂત

તા.૨૬-૭-૧૦ના રોજ 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા વિશે ભાવવાહી વકતવ્ય રજૂ કર્યું. **શ્રી જયંતિભાઈ**એ 'ગુરુશિષ્ય સંબંધો' વિશે વકતવ્ય રજુ કર્યા.તા.૧૫-૮-૧૦ના રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો.ઉ.મા.શિક્ષક **શ્રી અશોભાઈ**ના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| **આંતરગૃહ સ્પર્ધાઓ : મહેંદી સ્પર્ધા :** | | | તા.૨૨-૭-૧૦ |
| | પ્રથમ | માનસી પરીખ | (ચંદ્રમૌલિ) |
| | દ્વિતીય | ધ્રુવી પટેલ | (પદ્મપુકુર) |
| | | હીના શુક્લ | (પદ્મપુકુર) |
| | તૃતીય | વ્યોમા મહેતા | (ગીતગોવિંદ) |
| | | શીલા કોન્ટ્રાકટર | (ગીતગોવિંદ) |
| **સંસ્કૃત સુભાષિત પઠન સ્પર્ધા :** | | | |
| | પ્રથમ | વ્યોમા મહેતા | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | ભાવિશા ઓઝા | (મેઘદૂત) |
| | | પ્રિયાંશી ઠક્કર | (ગીતગોવિંદ) |
| | તૃતીય | જયતિ ત્રિવેદી | (ચંદ્રમૌલિ) |
| | | ત્વિષા ઓઝા | (મેઘદૂત) |
| **ચિત્ર સ્પર્ધા :** | | તા.૭-૮-૧૦ | |
| | પ્રથમ | પ્રિયાંશી ઠક્કર | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | સમકિત શાહ | (પદ્મપુકુર) |
| | | ગરિમા મહેતા | (ગીતગોવિંદ) |
| | તૃતીય | જૈના શેઠ | (મેઘદૂત) |

**શ્રધ્ધાંજલિ : સંસ્થાના કાર્યકર શ્રી સુરેન્દ્રભાઈ શાહના તા.૨૩-૯-૨૦૧૦ ના રોજ થયેલ અવસાનની નોંધ લેતા સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : sharda.mandir@yahoo.com